સુવિચાર : અસંતોષી માણસ કદી અમીર થઇ શકતો નથી, જે માણસ સંતોષી છે તેની પાસે દરિદ્રતા કદી ડોકાતી નથી - જીવનસૂત્ર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૦૮ | ૨૭ જૂન, ૨૦૧૫, શનિવાર ; અધિક અષાઢ સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ફ્રાંસ, કુવૈત, ટ્યુનેશિયા ત્રાસવાદી હુમલાથી હચમચ્યા : ૫૦ના મોત Page-6

# ગાંધીનગરના તેજસ્વી યુવાનને મોત ભરખી ગયુ

**ક્રોએશિયામાં સિનિયર ફર્સ્ટ ઓફીસર કમાન્ડર (પાયલોટ) વસ્તલ ઉપાધ્યાયનું ગઈકાલે ક્રોએશિયામાં ડ્યુટી પૂર્ણ કરી પરત ફરતા વિમાની દુર્ઘટનામાં કરૂણ મૃત્યુ : સેક્ટર-૪ના ઉપાધ્યાય પરિવારમાં ઘેરા શોકની લાગણી છવાઈ : છ મહિના પૂર્વે જ સેક્ટર-૧માં ધામધુમથી વત્સલના લગ્ન થયા હતા : વત્સલ લુફથાન્સા એરવેઝની ફિડર એરલાઈન્સ યુરોપીયન કોસ્ટલ એરલાઈન્સમાં સિની. ફર્સ્ટ ઓફિસર તરીકે ફરજ બજાવતો હતો વત્સલનો મૃતદેહ ગાંધીનગર લાવવા કાર્યવાહી આરંભાઈ**

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરના સેક્ટર-૪-એ નો રહીશ અને ગાંધીનગરનું ગૌરવ સિનીયર ફર્સ્ટ ઓફિસર (પાયલોટ) વત્સલ પ્રકાશકુમાર ઉપાધ્યાયનું ગઈકાલે ક્રોએશિયામાં તેની ડ્યુટી પૂર્ણ કરી ઘરે જવા પરત ફરતાં ટ્રેઈની પાયલોટ સાથે પેસેન્જર તરીકે પ્લેઈનમાં બેઠો ત્યારે ટેઈક ઓફ વખતે જ પ્લેન પર્વત સાથે ટકરાતાં થયેલા અકસ્માતમાં ગાંધીનગરના ગૌરવને મૃત્યુ ભરખી ગયું હતું.

ગઈકાલે સાંજે ૬ વાગ્યાના સુમારે આ ગોઝારી ઘટના ઘટી હતી. ક્રોએશિયાના સ્પીલટ્ શહેરમાં રહેતો વત્સલ લુફથાન્સા એરવેઝની ફિડર એરલાઈન્સ યુરોપીયન કોસ્ટલ એરલાઈન્સમાં સિની. ફર્સ્ટ ઓફિસર તરીકે ફરજ બજાવતો હતો.

પરિવારજનો પાસેથી પ્રાપ્ત થયેલી હકીકત પ્રમાણે પાંચ વાગે તે ડ્યુટી પૂર્ણ કરી ટ્રેઈની પાયલોટના પ્લેનમાં પેસેન્જર તરીકે બેઠો હતો. આ વખતે પ્લેનમાં ટ્રેઈની પાયલોટ સહિત અન્ય બે વ્યક્તી હતા.

અકસ્માતમાં વત્સલ પ્રકાશકુમાર ઉપાધ્યાય અને અન્ય એક પાયલોટનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. જ્યારે ટ્રેઈની પાયલોટ ગંભીર રીતે ઘવાતાં તેને સ્થાનિક હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

## વત્સલ સેંટ ઝેવિયર્સ ગાંધીનગરમાં ભણ્યો હતો... નાની ઉંમરે જ ૪૫૦૦ કલાકનું સફળ ઉડ્ડયન કર્યુ હતુ !

ગાંધીનગર, તા. ૨૬

વત્સલ પ્રકાશકુમાર ઉપાધ્યાયએ તેનું પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ શહેરની જાણીતી સ્કૂલ સેંટ ઝેવિયર્સમાં લીધુ હતુ. ભણવામાં તે હોંશિયાર હોવા ઉપરાંત રમત-ગમતમાં પણ અવ્વલ નંબરે જ રહેતો હતો. ગઈ તા. ૬ મે ૨૦૧૫માં જ તેને આ બઢતી મળી હતી. ગાંધીનગરનો પ્રથમ પાયલોટ હતો તેમજ તેમાંથી બઢતી મેળવી તેણે ફર્સ્ટ સિની. ઓફિસર બન્યો હતો. સૌથી નાની વયે તેણે ૪૫૦૦ કલાકનું ઉડ્ડયન કર્યુ હતુ.

# રાજ્યમાં સાર્વત્રિક વરસાદના પગલે કૃષિકાર્ય આરંભાયુ

## ભારે વરસાદ બાદ ગુજરાતમાં સાર્વત્રિક ઉઘાડ : મોસમનો પહેલો વરસાદ વરસ્યો હોય ત્યાં વરાપ નિકળતા વાવણીનું કામ

ગાંધીનગર,તા. ૨૬

રાજ્યમાં છેલ્લા બે ત્રણ દિવસથી વરસી રહેલા વરસાદે હળવો વિરામ લઈને સાર્વત્રિક ઉઘાડ કાઢ્યો છે. જેના પરિણઆમ સ્વરુપે તંત્રને પણ રાહત થઈ છે. બીજી બાજુ સૌરાષ્ટ્રના સૌથી અસરગ્રસ્ત એવા અમરેલી જિલ્લા અને અન્ય વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરી ચાલી રહી છે. રાજ્યમાં થયેલા સાર્વત્રિક વરસાદથી ખેડૂતો ખેતીકામમાં મશગૂલ બની ગયા છે, જે વિસ્તારમાં મોસમનો પહેલો વરસાદ વરસ્યો હોય ત્યાં વરાપ નિકળતા વાવણીનું કામ શરૂ ખરાયું છે. રાજ્યના ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે સવારે છ કલાકે પુરા થતાં ચોવીસ કલાક દરમિયાન રાજ્યના બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ તાલુકામાં ૩૭ મીમી અને સાબરકાંઠા જિલ્લાના પોશીના તાલુકામાં ૨૩ મીમી જ એટલે કે એક ઈંચ જેટલો હળવો વરસાદ વરસ્યો હોવાના અહેવાલો સાંપડ્યા છે. રાજ્યમાં ચાલુ મોસમનો સરેરાશ વરસાદ ૨૧.૭૫ ટકા જેટલો નોંધાયો છે, જેમાં કચ્છ રિજિયનમાં સૌથી ઓછો એટલે કે ૮.૮૬ ટકા, ઉત્તર ગુજરાતમાં ૧૪.૫૯ ટકા, પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૧૪.૨૪ જ્યારે સૌરાષ્ટ્રમાં સૌથી વધુ ૩૭.૭૫ ટકા અને દક્ષિણ ગુજરાતમાં ૧૭.૮૪ ટકા જેટલો સરેરાશ વરસાદ નોંધાયો છે.

(તસવીર : દિપક જાની)

પુરુષોત્તમ માસની કથા - ભારતીય સંસ્કૃતિમાં અધિક માસને 'પુરુષોત્તમ માસ' ગણાવ્યો છે... શ્રીમદ્ ભાગવતની કથામાં અધિક માસને શ્રેષ્ઠ માસ તરીકે ઉલ્લેખીને દાન-પુણ્ય અને ભક્તિ માટે સર્વોત્તમ સમય ગણ્યો છે... સેક્ટર-૫ના પંચમુખી હનુમાનજી મંદિરે પુરુષોત્તમ માસની કથાનું શ્રવણ કરવા મોટી સંખ્યામાં મહિલાઓ ઉમટે છે... ભાવપૂર્વકનું પૂજન-અર્ચન અને કથાશ્રવણ કરતી મહિલાઓ ભક્તિનો માહોલ સર્જે છે...

# કલેક્ટર કચેરીમાં જ દારૂની મહેફીલ

## જિલ્લા આયોજન અધિકારી અને જીસ્વાન એન્જીનીયર સહિત ત્રણને દારૂની મહેફીલ માણતા રંગેહાથ પકડીને કલેક્ટરે પોલીસ બોલાવી : જીસ્વાન રૂમમાં ટેબલ ફરતે બેસીને પાર્ટી શરૂ કરી ને કલેક્ટર વિઝીટમાં નીકળ્યા

**કલેક્ટર કચેરીમાં જ દારૂના પેગ બનાવીને બેઠેલા ત્રણને ખૂદ કલેક્ટરે રંગેહાથ ઝડપ્યા**

ગાંધીનગર, તા. ૨૬

દારૂબંધીનું ટેગ ધરાવતા ગુજરાત રાજ્યનાં પાટનગર ગાંધીનગરમાં જ્યાંથી જિલ્લાનો વહીવટ થાય છે તે કલેક્ટર કચેરીમાં જ દારૂની મહેફીલ જમાવીને બેઠેલા ત્રણ શોખીનો રંગેહાથ મહેફીલ માણતા ઝડપાઈ ગયા હતા. જિલ્લા કલેક્ટર સ્વચ્છતા સંદર્ભે કચેરીમાં વિઝીટે નિકળ્યા હતા ત્યારે જીસ્વાન રૂમમાં ટેબલ ફરતે બેસીને પેગ બનાવીને બેઠેલા આયોજન અધિકારી તથા જીસ્વાન એન્જીનીયર સહિત ત્રણ શોખીનો કલેક્ટરના નજરે ચઢતા પોલીસ બોલાવી ત્રણેયને સોંપી દેવાયા હતા. પોલીસે અડધી પુરી કરી દીધેલી બ્લેન્ડર્સ પ્રાઈડ બોટલ તથા સોડાની બોટલો અને ગ્લાસ સહીતનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

જિલ્લા કલેક્ટર તેમની ટીમ સાથે કલેક્ટર કચેરીની સ્વચ્છતા બાબતના ચેકીંગ માટે રાઉન્ડ પર ગઈ સાંજે નિકળ્યા હતા. જીસ્વાન રૂમ પાસે પહોંચ્યા તો ત્યાં દરવાજો આડો કરેલો જોવા મળ્યો હતો. દરવાજો ખોલીને કલેક્ટરે જોયું તો જીલ્લા આયોજન અધિકારી દિપકભાઈ રમેશભાઈ દવે, જીસ્વાન એન્જીનીયર વિજય કનુભાઈ બારોટ અને અન્ય એક શખ્સ સતિષ ગોરધનભાઈ પટેલ ત્રણેય એક ટેબલને ફરતે ગોઠવાઈને બેઠેલા હતા અને હાથમાં દારૂના પેગ ભરેલા ગ્લાસ હતા. કલેક્ટર કચેરીમાં જ દારૂની મહેફીલ જમાવીને બેઠેલા અધિકારીઓને જોઈ ખુદ કલેક્ટર પણ ચોંકી ગયા હતા. કલેક્ટરે સે. ૭ પોલીસને મહેફીલ અંગે જાણ કરી બોલાવી લેતા પોલીસે ત્રણેયની ધરપકડ કરી લઈ કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. પોલીસે મોબાઈલો, ૩ ગ્લાસ, એક અડધી બચેલી વિદેશી દારૂની બોટલ અને બે સોડાની બોટલ જપ્ત કરી લીધી છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

### બોટલ જેની પાસેથી લીધી તેને પકડવા બીજી બે બોટલનો ઓર્ડર અપાયો..!

કલેક્ટર કચેરીમાં દારૂની મહેફીલ જમાવીને બેઠેલા પકડાયેલા ત્રણ પૈકી જેણે દારૂની બોટલની વ્યવસ્થા કરી હતી તે સતિષ પટેલ પાસેથી બોટલ આપનાર શખ્સનો પોલીસે નંબર મેળવ્યો અને તેને ફોન કરીને બે બોટલનો ઓર્ડર આપીને ડીલીવરી કરવા બોલાવાયો હતો. બે બોટલ વેચવા આવ્યો ત્યારે તેને દબોચી લઈ પુછપરછ કરવામાં આવતા ધ્યાને આવ્યું કે સે. ૨૪માં રહેતા એક્સ આર્મીમેન દલાભાઈ ખોડાભાઈ મકવાણા પોતાના પરમીટની દારૂ કેન્ટીનમાંથી ખરીદીને વધુ ભાવે વેપલો કરતો હતો. સે. ૭ પોલીસે તેની પણ ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરી છે.

# કોલવડા પ્રકરણમાં નવો વળાંક મહિલા શિક્ષિકાઓએ પણ માનસિક ત્રાસની ફરિયાદ કરી

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર તાલુકાના કોલવડા પ્રા. શાળાના આચાર્યની બદલી કરાયા બાદ આજે આ સમગ્ર વિવાદમાં નવો વળાંક આવ્યો છે.

ગાંધીનગર જિલ્લાના શિક્ષક સંઘની ૩૦૦થી પણ વધુ મહિલા શિક્ષિકાઓએ આજે આ મુદ્દે જિલ્લા પંચાયત ગાંધીનગર ખાતે આવી પંચાયત પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલને આવેદન-પત્ર આપ્યું હતું.

શિક્ષિકાઓએ આપેલા આવેદન-પત્રમાં આચાર્યનો માનસિક ત્રાસ મહિલા શિક્ષિકાઓને પણ હોવાની ફરિયાદ કરાઈ છે તેમજ આવા કારણોસર અગાઉ સાત જેટલા શિક્ષકોની બદલી તેમણે કરાવી હોવાનો ઘટસ્ફોટ કરાયો છે.

શિક્ષિકાઓ આજે આ રજુઆત કરવા આવી ત્યારે પંચાયત પ્રમુખ શ્રીમતિ હીના પટેલ સાથે કારોબારી સમિતિના ચેરમેન શ્રીમતિ ઉષાબેન પટેલ, પૂર્વ પ્રમુખ શ્રીમતિ સરોજબેન ઠાકોર સહિત મહિલા અધિકારીઓ પણ હાજર હતા.

શિક્ષિકાઓએ પ્રમુખશ્રીને અત્યંત આક્રોશપૂર્ણ રજુઆત કરતાં પંચાયત પ્રમુખશ્રીએ ન્યાય આપવામાં આવશે તેમજ કોઈને પણ અન્યાય નહિ થાય તેની ખાત્રી આપી હતી. તેમણે જણાવ્યુ હતુ કે આ પ્રકરણમાં ત્રણ અધિકારીઓની ટીમ દ્વારા તપાસ કરાવવામાં આવી રહી છે.

આ શિક્ષિકાઓએ એવી પણ ફરિયાદ કરી હતી કે તેઓ સ્થાનિક રહીશ હોવાથી તંત્ર પર ખોટુ દબાણ ઉભુ કરી રહ્યા છે અને શિક્ષિકાઓને પણ ત્રાસ આપી રહ્યા છે.

હાર્દિક પ્રજાપતિ હાલ સારવાર હેઠળ છે અને તે માનસિક રીતે સ્વસ્થ નથી. આ પ્રકરણમાં તટસ્થ તપાસ થાય અને ભીનુ ન સંકેલાય તેવી માંગ કરી હતી.

**જિલ્લા પંચાયત પ્રમુખને આવેદન પત્ર આપવા ૩૦૦થી પણ વધુ શિક્ષિકાઓ પંચાયત કચેરી પહોંચી**

Sleek
THE KITCHEN SPECIALIST
Sleek's innovative storage ideas created more space in my kitchen
Rajdhani Hardware
G-10, Meghmalhar, Sector-11, Gandhinagar-382 011.
Ph: 079-23229033, M-9825033740

ચાલો ● ચાલો ● ચાલો ● ચાલો ● ચાલો ● ચાલો ● ચાલો
કેરી મહોત્સવ
કચ્છની સુપ્રસિધ્ધ
મીઠીને મધુરી કેસર કેરી
સુંદર અને કેસરના સ્વાદમાં સ્વાદિષ્ટ
કેસર કેરી ખાઈને આનંદ મેળવીએ.
૧૦૦% કાર્બાઈડ ફ્રી અને ઓર્ગેનીક કેસર કેરી
કચ્છના ખેડૂતો દ્વારા પ્રત્યક્ષ વેચાણ કરવામાં આવે છે.
વરસાદમાં પણ ચેપ પ્રતિકારક ક્ષમતાવાળી કચ્છની કેસર કેરી ખરીદવા અચુક પધારશો.
● સ્થળ ●
ભારતીય કિસાન સંઘ ગુજરાત પ્રદેશ કાર્યાલય,બલરામ મંદિર પરિસર, સેક્ટર-૧૨/ડી, કલેક્ટર ઓફિસ સામે, ઘ-રોડ, ગાંધીનગર.
ખીમરાજ ગઢવી 9033773614, નારાયણ ગઢવી 99253 33292
૫ જૂલાઈ સુધી વેચાણ ચાલુ રહેશે. લિમીટેડ સ્ટોક